Volume 1, Issue 6

September 2023

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ RSETI સાથે લિંકેજીસ કરી ખાંભા કાર્ય વિસ્તારની બહેનો માટે કોચ્યુમ જવેલરી મેકિંગની ૧૩ દિવસીય બિન નિવાસી તાલીમનું આયોજન કરેલ. ૩૪ બહેનોએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી સંસ્થાની મુખ્ય કાર્યાલયની મુલાકાત પણ કરેલ હતી.**





## પોઝીટીવ સ્ટોરી

લુવારીમોલી અને સુલતાનપુર ગામે બનાવવામાં આવેલ ગ્રામ પંચાયત ડેવેલોપમેન્ટ પ્લાન અંતર્ગત એક ફોલોઅપ મુલાકાત તા. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર , ૨૦૨૩ના રોજ થઇ. કમિટીની ૯૯ ટકા કામગીરી આયોજન પ્રમાણે અસરકારક રીતે પૂરી કરી હતી. જુની મંગણી, માંડણકુંડલા અને જુના રાજપીપળા જીલ્લો રાજકોટ ખાતે GPDP તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



**ઉન્નતિ અને યુનિસેફ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે આપણી સંસ્થાના રમેશભાઈ સોલંકી અને પરેશભાઈ સોલંકીએ સૈયદ રાજપરા અને નાલીયા માંડવી ગામે બનેલ મલ્ટી પર્પઝ સાયક્લોન શેલ્ટરની મુલાકાત તા. ૨૬/૦૯/૨૦૨૩ના રોજ કરી. જેમાં શેલ્ટરનું નિરીક્ષણ, હાલની સ્થિતિ, રખરખાવ માટે ગ્રામ પંચાયત દ્વારા બનેલી સાયક્લોન શેલ્ટર મેનેજમેન્ટ એન્ડ મેન્ટેનન્સ કમિટી સાથે મુલાકાત અને તેમના સશક્તિકરણ માટે ચર્ચા કરવામાં આવી. આગામી સમયમાં સંસ્થા આ બંને ગામોમાં કમિટીના સશક્તિકરણ માટે કામગીરી કરવાની છે.**






## તાલીમ અને શિક્ષણ

**૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અમરેલી ઓફીસ ખાતે આંગણવાડી કાર્યકર બહેનો સાથે અર્લી ચાઈલ્ડહુડ બાબતે એક કાર્યશાળાનું આયોજન થયું. જેમાં કુલ ૩૪ બહેનોએ ભાગ લીધેલ.**







**શેડુભાર અને નાના આંકડિયા ખાતે મહિલાઓ માટે જ્વેલરી મેકિંગના વર્ગોની શરૂઆત તા. ૨૬.૦૯.૨૦૨૩ના રોજ કરવામાં આવી. કુલ ૪૦ બહેનો તાલીમ પ્રાપ્ત કરી પુરક રોજગારી મેળવશે. ગોંડલ કાર્યક્ષેત્રનાં ૬૫ બહેનોને ઇમીટેશન જ્વેલરી બનાવવા માટેની કીટ અને ૧૦૦ બહેનોને લાકડાના પાટલાનું વિતરણ કરવામાં આવ્યું.**











**તા. ૧૩ ને ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ બે દિવસીય બ્રેઈન સ્ટોર્મીંગ એક્ટીવીટીથી સંસ્થાના વિઝન, મિશનમાં બદલાવ, નવી લીડરશીપ ઉભી કરવી અને આ બાબતે ભવિષ્યનું આયોજન અને વિચાર માટે એક ગોષ્ઠીનું BOD અને સીનીયર કાર્યકર ટીમ સાથે આયોજન થયુ.**







**સંસ્થાના દરેક પ્રોગ્રામ યુનિટની ઇન્ટરનલ લર્નિંગ વિઝીટનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોગ્રામ યુનિટની સમગ્ર ટીમ બીજા યુનિટમાં જઈ તેમના દ્વારા થતી નવી બાબતો શીખવા પ્રયત્નો થયા.**












## આરોગ્ય અને પર્યાવરણ

**ડભોઇ તાલુકાના મંડાળા, પારીખા અને કરમાળ ગામે વુમન કલાયમેટ ચેન્જ લીડર પ્રોગ્રામ અંતર્ગત ફળોના વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું.**



## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**સંસ્થાના ચાલતા ઉત્તમ કપાસ કાર્યક્રમ અંતર્ગત જાગૃતિ અભિયાનનું આયોજન થયું.**












Volume 1, Issue 6,
September 2023

## મિત્ર કિટકોના સંવર્ધન માટે ફૂડ સ્પ્રે બનાવવા માટે તાલીમોનું આયોજન થયું અને ખેડૂતોને ફૂડ સ્પ્રે ના ડેમો પણ આપવામાં આવ્યા.









## કોટન કનેક્ટ દ્વારા એસએસકેના તમામ પ્રોગ્રામ યુનિટના કાર્યકર્તાઓ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ ફેસીલીટેશન સ્કીલ અંગે એક તાલીમ યોજવામાં આવી.



ટપક E-MAGAZINE
Volume 1, Issue 6,
September 2023

## ખેડૂતોને ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે જાગૃત કરવા અને બમણી આવક માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા સંસ્થાએ ગોંડલ ક્ષેત્રના 10 ખેડૂતોને ડી-ટોપિંગ મશીનનું વિતરણ કર્યું.







## વડોદરાના શીરોલા ગામે ૩૦ ખેડૂતો સાથે નિદર્શન ફાર્મની મુલાકાત ગોઠવવામાં આવી.



## ઉત્તમ કપાસ કાર્યક્રમ અંતર્ગત FPC મેનેજમેન્ટ તાલીમનું આયોજન થયેલ. બહોળી સખ્યામાં મહિલા ખેડૂતોની ઉપસ્થિતિ રહી.





**સંસ્થા દ્વારા ચાલતા પ્રોજેક્ટની કામગીરીના ઉપયોગી બની શકે તેવા યુટ્યુબના માધ્યમથી વિડ્યો નિહાળવા અને અમારી ચેનલને સબસ્કાઈબ કરવા અહી ક્લિક કરો**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

**Share your review**



www.sskkamreli.org info@sskkamreli.org